રજૂ તારીખ :૨૨/૦૫/૨૦૨૬.
દાખલ તારીખ :૨૨/૦૫/૨૦૨૬.
ફેંસલ તારીખ :૧૫/૦૬/૨૦૨૬.
અવધિ :વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૨૫.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૪૨૦/૨૦૨૬.**

**અરજદારો :– (૧) દર્શન ઉર્ફે લાલુ ગોકુળભાઇ ચૌધરી,**
રહેવાસી : ૨૩૩, આર્યા રેસીડેન્સી,
ગામ : કારેલી, તાલુકો : પલસાણા, જીલ્લો : સુરત.
મૂળ રહેવાસી : ગામ : ધરનગાવ,
તાલુકો : ધરનગાવ, જીલ્લો : જલગાંવ, મહારાષ્ટ્ર.

**(૨) ગોકુળભાઇ સંતોષભાઇ ચૌધરી,**
રહેવાસી : એજન.

**વિરૂદ્ધ**

**સામાવાળા :– ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

====================================

**અરજદારો તરફે વિદ્વાન વકીલ શ્રી ડી. કે. માટલીવાલા.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

====================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદારો/આરોપીઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદારો/આરોપીઓની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, પલસાણા પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૪૬૨૬૦૩૮૩/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩(૧), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૦, ૩૩૨(એ), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) મુજબના ગુનાના કામે હાલના અરજદારોને અટક કરવામાં આવેલા છે. અરજદારો/આરોપીઓ હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદારો/આરોપીઓના વિ. વકીલ શ્રી ડી. કે. માટલીવાલાની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદારો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩(૧), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૦, ૩૩૨(એ), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારોએ ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદારો નિર્દોષ છે અને તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. અરજદારો સામે પ્રથમદર્શનીય કેસ જણાઇ આવતો નથી. સદર કામની ફરિયાદ મોડી આપવામાં આવેલ છે, જેનો કોઇ વાજબી ખુલાસો જણાવવામાં આવેલ નથી. સદર ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે, જેથી પુરાવા સાથે ચેડાં થવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. સહઆરોપી પવને મરનાર રાજકુમારને જાનથી મારી નાખવાના ઈરાદે જમણા હાથમાં કાચનો ટુકડો મારી દીધેલ અને રાજકુમાર સારવાર દરમ્યાન મરણ ગયેલા. ચાર્જશીટના કાગળો જોતાં અરજદારોએ મરનારને કાચનો ટુકડો મારેલ હોય તેમ જણાઇ આવતું નથી. અરજદારોએ મરનારને શરીરના માર્મિક ભાગે ઇજા પહોંચાડી હોય તેમ જણાઇ આવતું નથી. અરજદારોએ કોઇ ગેરકાયદેસર મંડળી બનાવેલ ન હતી. અરજદારો પાસેથી કોઇ ગુનાહિત રિકવરી કે ડિસ્કવરી થયેલ નથી. અરજદારોએ સદર ગુનામાં કોઇ ભૂમિકા ભજવેલ ન હોવા છતાં તેઓને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. અરજદાર નંબર : ૧ નાની વયના છે અને તેઓ અરજદાર નંબર : ૨ ના પુત્ર છે. અરજદારો ડ્રાઈવિંગ કરી પરિવારનું ભરણપોષણ કરે છે.

અરજદારો સુરત જીલ્લાના કાયમી રહેવાસી છે. અરજદારોનો કોઇ ગુનાહિત ઇતિહાસ નથી. અરજદારોને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. નામ. અદાલત ફરમાવે તે શરતોનું પાલન કરવા અરજદારો રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીઓને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળવામાં આવી. તેઓની રજૂઆત એવી છે કે, હાલના અરજદારોની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩(૧), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૦, ૩૩૨(એ), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારો તથા સહઆરોપીઓએ ભેગા મળી પોતાનો સમાન ઇરાદો પાર પાડવા ફરિયાદીના ઘરમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરેલ, ફરિયાદી તથા સાહેદોને નાલાયક ગાળો આપેલ, ઢીકમુક્કીનો માર મારેલ, જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને સહઆરોપી પવન બડગુજરનાઓએ મરનારના હાથમાં કાચનો ટુકડો મારી મોત નિપજાવેલ. સહારોપી પવને મરનારને કાચનો ટુકડો મારેલ ત્યારે હાલના અરજદાર તથા સહઆરોપી રાજેન્દ્ર નિકમનાઓએ મરનારના હાથ પકડી રાખેલા. આમ, હાલના અરજદારોએ ફરિયાદી તથા સાહેદોને નાલાયક ગાળો આપી, ઢીકમુક્કીનો માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ છે અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ જણાઇ આવે છે. અરજદારો મહારાષ્ટ્ર રાજ્યના મૂળ વતની છે. જો અરજદારોને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ સાહેદોને ફોડવાની કોશિશ કરે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીઓની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. ચાર્જશીટના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે ચાર્જશીટના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને

ધ્યાને લેતાં હાલના અરજદારોની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩(૧), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૦, ૩૩૨(એ), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) મુજબના ગુનાનો આક્ષેપ છે. સદર ગુનાની હકીકત ધ્યાને લઇએ તો, ફરિયાદી તથા તેમના પરિવારના સભ્યો નાચગાન સાથે ધૂળેટી રમી રહ્યા હતા ત્યારે સહઆરોપી રાજેન્દ્ર નિકમે ફરિયાદીના પરિવારના સભ્યો વચ્ચે આવી નાચવા લાગતાં તે અંગે બોલાચાલી થયેલ, જે બાબતની અદાવત રાખી અરજદારો તથા સહઆરોપીઓએ ફરિયાદીના ઘરમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરેલ, મા–બહેન સમાન ગાળો આપેલ, ઢીકમુક્કીનો માર મારેલ. સહઆરોપી રાજેન્દ્ર નિકમ તથા અરજદાર દર્શન ચૌધરીએ ફરિયાદીના ભાઇ રાજકુમારને પકડી રાખેલ અને સહઆરોપી પવને રાજકુમારને જમણા હાથના કાંડા ઉપર કાચનો ટુકડો જોરથી મારી દીધેલ. આ સમયે અરજદારો તથા સહઆરોપીઓએ ફરિયાદી તથા તેમના પરિવારના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી પણ આપેલી. રાજકુમારને ઈજા થતાં તેઓને હોસ્પિટલ લઇ જવામાં આવેલા અને તેઓ સારવાર દરમ્યાન મરણ પામેલા. આમ, હાલના અરજદારો સામે ફરિયાદી તથા સાહેદોને ગાળો આપવા, ઢીકમુકકીનો માર મારવા તથા જાનથી મારી નાખવાની ધમકી આપવા સંબંધેનો આક્ષેપ જણાઇ આવે છે. મરનાર રાજકુમારને સહઆરોપી પવન બડગુજરનાઓએ કાચના ટુકડા વડે ઈજા પહોંચાડેલ અને તે સમયે હાલના અરજદાર દર્શન ચૌધરીએ મરનારના હાથ પકડી રાખેલ, જેથી તેઓની ગુનાના કામે સક્રિય અને ગંભીર ભૂમિકા જણાઇ આવે છે, તેથી તેઓને જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાતું નથી. અરજદાર ગોકુળભાઇએ મરનારને ઈજા પહોંચાડી હોય કે બનાવ સમયે મરનારને પકડી રાખ્યા હોય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. સદર ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે અને સદર ગુનાનો સેશન્સ કેસ નંબર : ૩૦/૨૦૨૬ અત્રેની અદાલતમાં પેન્ડીંગ છે. અરજદાર/આરોપી ગોકુળભાઇ ચૌધરીનાઓ તારીખ : ૦૬/૦૩/૨૦૨૬ ના રોજથી જયુડિશ્યલ કસ્ટડીમાં છે. તપાસનીશ અધિકારીની એફીડેવીટ જોતાં અરજદાર નંબર : ૨ સામે અન્ય ગુનાઓ નોંધાયેલ હોવાની કોઇ હકીકત જણાઇ આવતી નથી એટલે કે તેઓનો કોઇ

ગુનાહિત ઈતિહાસ નથી. અરજદાર નંબર : ૨ સુરત જીલ્લાના રહેવાસી છે અને મહારાષ્ટ્ર રાજયના મૂળ વતની છે, જે હકીકત ધ્યાને લેતાં ટ્રાયલ સમયે તેઓની હાજરી ઉપલબ્ધ બની રહે તે માટે યોગ્ય શરતો લાદવાનું જરૂરી જણાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં અરજદાર નંબર : ૨ ને અન્ડર ટ્રાયલ પ્રિઝનર તરીકે જયુડિશ્યલ કસ્ટડીમાં રાખવાથી કાયદાનો કોઇ ચોકકસ હેતુ બર આવે તેવું જણાઇ આવતું નથી. ઉપરોકત તમામ પરિબળોની સાથે સાથે નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિરૂદ્ધ સી.બી.આઇ., ૨૦૧૨ ક્રિમિનલ લો જર્નલ, પાના નંબર : ૭૦૨ (એસ.સી.)ના ચુકાદામાં ઠરાવવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં આરોપી નંબર : ૨ ને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) અરજદાર નંબર : ૧ દર્શન ઉર્ફે લાલુ ગોકુળભાઇ ચૌધરી પૂરતી હાલની અરજી નામંજૂર કરવામાં આવે છે, જયારે અરજદાર નંબર : ૨ ગોકુળભાઇ સંતોષભાઇ ચૌધરી પૂરતી હાલની અરજી મંજૂર કરવામાં આવે છે અને તે રીતે હાલની ફોજદારી જામીન અરજી નંબર : ૪૨૦/૨૦૨૬ આથી અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

(૨) પલસાણા પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧-૨૧૪૦૪૬૨૬૦૩૮૩/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૦, ૩૩૨(એ), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) મુજબના ગુનાના કામે અરજદાર નંબર : ૨ નાઓ રૂા.૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો અત્રેની અદાલતમાં આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–:: શ ર તો ::–**

(૧) અરજદાર નંબર : ૨ નાએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહીં અને ટ્રાયલ દરમ્યાન અદાલતમાં નિયમિત હાજર રહેવું.

(૨) અરજદાર નંબર : ૨ નાઓએ અત્રેની અદાલત સમક્ષ પોતાના કાયમી રહેઠાણનું સરનામું રજૂ કરવું.

(૩) અરજદાર નંબર : ૨ નાઓ પાસપોર્ટ ધરાવતા હોય તો અત્રેની અદાલતમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

(૪) અરજદાર નંબર : ૨ નાએ સદરહુ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી અત્રેની કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહીં.

આ હુકમની યાદી સંબંધિત પોલિસ સ્ટેશનમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૧૫ મી**, માહે :** જૂન**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૫/૦૬/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594